
# કાશ્મીર અનામત સુધારા બિલ લોકસભામાં મંજુર

## રાષ્ટ્રપતિ શાસનની અવધિ છ મહિના સુધી વધારવાને મંજુરી : જમ્મુ કાશ્મીર અનામત બિલ પાસ કરાયા બાદ આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર રહેતા લોકોને સીધી ભરતી, બઢતી, પ્રવેશમાં લાભ : નહેરુના પ્રશ્ને હોબાળો



નવીદિલ્હી, તા. ૨૮

જોરદાર ધાંધલ ધમાલ વચ્ચે લોકસભામાં જમ્મુ કાશ્મીર અનામત સુધારા બિલ પાસ કરી દેવામાં આવ્યું હતું. આની સાથે સાથે જમ્મુ કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસનનો સમય છ મહિના સુધી વધારવા માટેનો નિર્ણય પણ લેવામાં આવ્યો હતો. પહેલા રાષ્ટ્રપતિ શાસનની અવધિ ત્રીજી જુલાઈના દિવસે પૂર્ણ થનાર હતો. કોંગ્રેસના સભ્યોએ આ બિલને લઈને જોરદાર હોબાળો મચાવ્યો હતો. બીજી બાજુ ભાજપ પ્રમુખ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે, ચૂંટણી પંચ જ્યારે પણ કહેશે ત્યારે જમ્મુ કાશ્મીરમાં નિષ્પક્ષ અને સ્વતંત્ર ચૂંટણી યોજવામાં આવશે. અમિત શાહે બિલના સમર્થનની વાત કરતા કહ્યું હતું કે, મોદી સરકારની આતંકવાદની સામે ઝીરો ટોલરન્સની નીતિ રહી છે. દેશની સરહદોની સુરક્ષા થાય તથા દેશ આતંકવાદથી મુક્ત થાય તેવી અમારી યોજના રહેલી છે. કોંગ્રેસ પાર્ટીએ આ બિલનો જોરદાર વિરોધ કર્યો હતો. કોંગ્રેસી નેતા મનિષ તિવારીએ કહ્યું હતું કે, ભાજપ અને પીડીપીના ગઠબંધનના કારણે એવી સ્થિતિ બની છે કે, રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનની મર્યાદા વધારવાની ફરજ પડી છે. તિવારીએ કહ્યું હતું કે, જો સરકારની નીતિ આતંકવાદની સામે કઠોર છે તો અમે તેનો વિરોધ કરતા નથી પરંતુ આ ધ્યાન રાખવા જેવી બાબત છે કે, આતંકવાદ સામેની લડાઈ એ વખતે જ જીતી શકાય છે જ્યારે રાજ્યના લોકો સાથે રહે છે. આવા મુદ્દા ઉપર કોંગ્રેસના સભ્યોએ આક્રમક વલણ અપનાવ્યું હતું. લોકસભામાં રાષ્ટ્રપતિ શાસનને છ મહિના માટે લંબાવવાને લીલીઝંડી આપી દેવામાં આવી હતી. શાહે એમ પણ કહ્યું હતું કે, રાજ્યમાં ચૂંટણી લોકશાહી માહોલમાં સ્વતંત્ર અને નિષ્પક્ષરીતે યોજાશે. જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપવા સાથે સંબંધિત બંધારણની કલમ ૩૭૦ સ્વરુપમાં કામ ચલાઉ છે. તે કોઈ કાયમી નથી. લોકસભાએ આજે જમ્મુ કાશ્મીર રિઝર્વેશન સુધારા બિલને પણ મંજુરી આપી હતી. આ બિલ અગાઉની સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા વટહુકમની જગ્યા લેશે. આનાથી આંતરરાષ્ટ્રીય સરહદમાં રહેતા લોકોને સીધી ભરતીમાં અનામતના લાભ મળી શકશે. સાથે સાથે પ્રોફેશનલ કોર્સમાં પ્રવેશ અને બઢતીમાં પણ લાભ મળશે. બિલની જોગવાઈમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, અંકુશરેખાની સાથે સાથે આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર રહેતા લોકોને આનાથી ફાયદો થશે. રાષ્ટ્રપતિ શાસનને લંબાવવાની માંગ કરતા વૈધાનિક ઠરાવનો જવાબ આપતા અમિત શાહે ભારપૂર્વક કહ્યું હતું કે, મોદી સરકાર આતંકવાદને લઈને ખુબ કઠોર વલણ ધરાવે છે. રાજ્યમાં સુરક્ષા પાસાઓને અપગ્રેડ કરવા ૨૩૦૭ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવી ચુક્યા છે. કોંગ્રેસ અને તત્કાલિન વડાપ્રધાન જવાહરલાલ નહેરુની ટિકા કરતા શાહે કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરમાં એક તૃતિયાંશ હિસ્સો ભારત પાસે નથી. કોંગ્રેસી સભ્યો તરફથી તીવ્ર પ્રતિક્રિયા બાદ અમિત શાહે આ મુજબનો મુદ્દો ઉઠાવ્યો હતો. નહેરુના નામનો ઉલ્લેખ અમિત શાહ દ્વારા કરવામાં આવ્યા બાદ ગૃહમાં ભારે ધાંધલ ધમાલ થઈ હતી.

# છત્તીસગઢ નક્સલી અથડામણમાં ૩ સીઆરપીએફ જવાન શહીદ

## નક્સલવાદીઓ દ્વારા છુપો હુમલો કરવામાં આવ્યો : હુમલામાં ફસાયેલ એક મહિલાનું પણ મોત :ઉંડી શોધખોળ

બીજાપુર, તા. ૨૮

છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં પોલીસ અને નકસલવાદીઓ વચ્ચે ભીષણ અથડામણમાં કેન્દ્રીય સુરક્ષા દળ (સીઆરપીએફ)ના ત્રણ જવાન આજે શહીદ થયા હતા. આ હુમલામાં એક મહિલાનું પણ મોત થયું છે. પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે જોરદાર અથડામણ થઈ હતી. બીજાપુર જિલ્લા પોલીસ અધિકારીઓએ માહિતી આપતા કહ્યું હતું કે, જિલ્લાના ભેરમગઢ પોલીસ સ્ટેશન વિસ્તારના કેસકુતુલ ગામમાં આ અથડામણ થઈ હતી. સીઆરપીએફની ૧૯૯મી બટાલિયનના પોલીસ અધિકારી મધુ પાટીલ, સહાયક નિર્દેશક મદનપાલ અને હવાલદાર તાજુ ઓટી શહીદ થયા છે. જ્યારે અન્ય એક જવાનને ઈજા થઈ છે. અધિકારીઓએ કહ્યું છે કે, આ ઘટનામાં વાહન પર રહેલી એક મહિલાનું પણ મોત થયું છે. અન્ય એક યુવતી ઘાયલ થઈ છે. ભેરમગઢ પોલીસ સ્ટેશન ક્ષેત્રમાં સીઆરપીએફનો એક કાફલો પેટ્રોલિંગ માટે રવાના કરવામાં આવ્યો હતો. આ કાફલો જ્યારે કેસકુતુલ ગામમાંથી વન્ય વિસ્તારમાં પહોંચ્યો હતો ત્યારે છુપાયેલા નક્સલવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો.

સુરક્ષા જવાનોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી જેમાં સીઆરપીએફના બે પોલીસ કર્મી શહીદ થઈ ગયા હતા. મોડેથી અન્ય એક જવાનનું પણ મોત થયું હતું.

પોલીસ અધિકારીઓના કહેવા મુજબ ઘટનાની માહિતી મળતાની સાથે જ કાફલો વધુ જવાનો સાથે રવાના કરાયો હતો. ઘાયલ થયેલા લોકોને ભેરમગઢની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. નકસલવાદીઓએ સી.આર.પી.એફ.ના જવાનો પાસેથી હથિયારોની લૂંટ ચલાવી હતી જેમાં એકે ૪૭ રાયફલ, બુલેટપ્રુફ જેકેટ અને વાયરલેસ સેટનો સમાવેશ થાય છે. ક્ષેત્રમાં નક્સલવાદીઓ સામે જોરદાર ઓપરેશન હજુ પણ જારી છે.

# આતંકવાદ માનવતાની સામે સૌથી મોટો ખતરો છે : મોદી

## મોદીની બ્રિક્સ નેતાઓની સાથે બેઠક યોજાઇ : આતંકવાદીઓ માત્ર નિર્દોષ લોકોની હત્યા કરી રહ્યા નથી બલ્કે સામાજિક સ્થિરતા- વિકાસને અસરો કરે છે : મોદી

ઓસાકા,તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે ત્રાસવાદ માનવતાની સામે સૌથી મોટો ખતરો રહેલો છે. કારણ કે ત્રાસવાદીઓ માત્ર નિર્દોષ લોકોને જ મોતને ઘાટ ઉતારી રહ્યા નથી બલ્કે આના કારણે સામાજિક સ્થિરતા અને આર્થિક વિકાસને પણ અસર થઈ રહી છે. ઓસાકામાં અનૌપચારિક બ્રિક્સ નેતાઓની બેઠકમાં મોદીએ આ મુજબની વાત કરી હતી. મોદીએ કહ્યુ હતુ કે ત્રાસવાદને તમામ પ્રકારના સમર્થનને રોકી દેવાની જરૂર છે. વંશવાદ અને પક્ષપાતને કોઈ કિંમતે ચલાવી લેવાય નહીં. તેમણે કહ્યુ હતુ કે ત્રાસવાદ આજે વિશ્વની સામે ખતરો હોવાની સાથે સાથે પડકાર પણ છે.જી-૨૦ શિખર બેઠકના ભાગરૂપે ઓસાકામાં પહોચેલા મોદીએ જુદા જુદા વિષય પર વાત કરી હતી. મોદીએ કહ્યુ હતુ કે ડિજિટલાઈઝેશન જેવા ફાસ્ટ ચેન્જિંગ ટેકનોલોજી જેવા ક્ષેત્રમાં વિકાસ ખુબ મોટી બાબત છે. ભાવિ પેઢીની સાથે સાથે અન્ય લોકો માટે પણ આજે ક્લાઈમેટ પડકારરૂપ



છે. મોદીએ તેમના સંબોધનમાં ડબલ્યુટીઓને મજબુત કરવા, સંરક્ષણવાદની સામે લડવા અને એનર્જી સિક્યુરિટીની ખાતરી કરવા જેવા વિષય પર વાત કરી હતી. ત્રાસવાદની સામે સાથે મળીને લડવાનો સમય પણ આવી ગયો છે. આતંકવાદની સામે લડવાની બાબત ખુબ સર્વસામાન્ય બની ગઈ છે. જી-૨૦ બેઠકના ભાગરુપે મોદીએ બ્રિક્સના નેતાઓની બેઠકમાં પણ સંબોધન કર્યુ હતું. જેમાં મોદીએ બહુપક્ષીય આંતરરાષ્ટ્રીય વેપાર પર એક તરફી નિર્ણય અને સ્પર્ધાને લઈને વાત કરી હતી. મોદીએ વિકસિત દેશોને ધ્યાન અપાવતા કહ્યું હતું કે, ઉભરતી અર્થવ્યવસ્થાઓમાં સંશાધનોની તંગી પ્રવર્તી રહી છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં મૂડીરોકાણ માટે આશરે ૧.૩ ટ્રિલિયન ડોલરની જરૂર દેખાઈ રહી છે. મોદીએ બ્રિક્સ દેશોની બેઠકમાં રોજગારનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો અને

અમેરિકા સહિતના અન્ય વિકસિત દેશોને સ્પષ્ટ સંદેશો આપ્યો હતો. તેમણે સાફ શબ્દોમાં કહ્યું હતુ કે, વિશ્વસ્તર પર કુશળ કારીગરોની અવરજવર સરળ બને તે ખુબ જરૂરી છે. આનાથી એવા દેશોને પણ ફાયદો થશે જ્યાં વસતીનો એક મોટો હિસ્સો કામકાજની દ્રષ્ટિએ જરૂરી વયને પાર કરી ચુક્યો છે. એમ માનવામાં આવે છે કે, મોદીની આ ટિપ્પણી અમેરિકા તરફથી એચ-૧બી વિઝાના નિયમોને કઠોર કરવાને લઈને કરી હતી. મોદીએ સાફ શબ્દોમાં સંકેત આપ્યો હતો કે, જી-૨૦ની બેઠકમાં તમામ પાસાઓ ઉપર ચર્ચા થઇ ચુકી છે પરંતુ આતંકવાદના મુદ્દા ઉપર વધુ મજબૂતી સાથે આગળ વધવાની જરૂર છે. ત્રાસવાદ હાલમાં વૈશ્વિક સમસ્યા બની છે.

## ન્યુઝ ટ્રેક

### દિલ્હી અને તેલંગાણા પ્રદેશ કોંગ્રેસ કમિટી ભંગ

લોકસભા ચૂંટણીમાં કારમા પરાજય બાદ કોંગ્રેસ પાર્ટીમાં ભારે ફેરફાર થઈ રહ્યા છે. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ દિલ્હી કોંગ્રેસના નેતાઓ સાથે બેઠક યોજી હતી. તત્કાલ પ્રભાવથી દિલ્હી પ્રદેશ કોંગ્રેસ કમિટી ભંગ કરી દેવાઈ છે. આ ઉપરાંત તેલંગાણામાં પણ કમિટીને ભંગ કરવામાં આવી છે.

### રેલવેનું ખાનગીકરણ હમણા નહી

રાજધાની અને શતાબ્દી એક્સપ્રેસ જેવી ટ્રેનોના ખાનગીકરણની વાતને રેલમંત્રી પીયૂષ ગોયલે અફવા ગણાવી છે. રાજ્યસભામાં એક લેખિત પ્રશ્નના પ્રત્યુત્તરમાં તેઓએ જણાવ્યુ હતું કે રેલવેના ખાનગીકરણની કોઈ યોજના નથી.

### ભાજપના ધારાસભ્યની ધરપકડ

મધ્યપ્રદેશમાં ભાજપના ધારાસભ્ય આકાશ વિજય વર્ગીયની ધરપકડ કરવામાં આવી છે. ઈન્દોર નગર નિગમના એક અધિકારીને બેટથી માર મારવાના કેસમાં પોલીસે આ કાર્યવાહી કરી છે. આકાશ વિજય વર્ગીય ભાજપના મહાસચિવ અને દિગ્ગજનેતા કૈલાસ વિજય વર્ગીયના પુત્ર છે.

# GSC બેન્કની વાર્ષિક સાધારણ સભા યોજાઇ

ગાંધીનગર, તા.૨૮

ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંક લિ.અમદાવાદની ૬૦મી વાર્ષિક સાધારણ સભા આજ રોજ GSC બેન્ક ખાતે યોજવામાં આવી હતી.

સહકાર મંત્રી ઈશ્વરસિંહ પટેલે પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું કે ગુજરાતમાં સહકારી મંડળીઓની કામગીરી ઉત્કૃષ્ટ છે અને સહકારી આગેવાનો દ્વારા વિવિધ પ્રકારની સહકારી મંડળીઓની રચના થવાથી નાના ખેડૂતો અને નાના વેપારીઓ માટે બચત અને ધિરાણનુ ખુબ સારું કાર્ય કરવામાં આવી રહ્યું છે. જેમાં GSC બેંક રાજ્યની ટોચની બેંક છે.

GSC બેંકમાં અનેકવિધ પ્રવૃત્તિઓ કરીને તેને સમગ્ર દેશમાં અગ્રેસર બનવવામાં બોર્ડના ચેરમેન અને તમામ સભ્યોને મંત્રીએ અભિનંદન પાઠવ્યા હતા.

૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના વડાપ્રધાનના લક્ષ્યને સફળ બનાવવામાં સહકારી બેંકોનો મહત્તમ ફાળો રહેલો છે તેમ મંત્રી એ ભારપૂર્વક જણાવ્યું હતું.

GSC બેન્કની શરુઆતથી લઈને અત્યાર સુધી થયેલ સ્થિતિ વિશેનો ચિતાર આપતા બેન્કના ચેરમેન અજયભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમા કહ્યું કે × દેશના અર્થતંત્રને મજબૂત કરવામાં નાગરિકોની આવક સાથે તેને સીધો સંબંધ છે.જેમા સહકારી બેંક અને મંડળીઓની કામગીરી થકી અનેકવિધ યોજનાઓનો સુચારુ રીતે અમલ થઈ રહ્યો છે.અહીં તાલીમની વ્યવસ્થા સાથે રહેવા જમવાની રાહતદરે સગવડો આપવામાં આવે છે તેની માહિતી ચેરમેન એ આપી હતી.

GSC બેન્કના વાઈસ ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે ગુજરાતમાં સહકારી બેંકનુ માળખું ખુબ મજબૂત છે.અત્યારે આ બેન્કની ૨૯ શાખાઓ છે જે તમામ આધુનિક વ્યવસ્થાથી સુસજ્જ છે.તેમ જણાવીને છેલ્લા દસ વર્ષમાં કરેલ પ્રગતિને પ્રેઝન્ટેશન દ્વારા રજું કર્યુ હતું. આ સાધારણ સભામાં બોર્ડ ડિરેક્ટર દ્વારા અલગ-અલગ ઠરાવો પસાર કરીને દરખાસ્ત કરવામાં હતી.જેને સભ્યો દ્વારા ટેકો જાહેર કરવામાં આવ્યો હતો.ઉપરાત આ સહકારી બેંકનુ પોતાનું પ્રિપેઈડ+ ડિજીટલ વોલેટ નું સંયુક્ત કામ કરે તેવું કાર્ડ લોન્ચ કરવામાં આવ્યું હતું.જેનો ઉપયોગ સમગ્ર દેશમાં કરી શકાશે.આ કાર્ડની મદદથી શોપિંગ કરી શકાશે.તથા આ કાર્ડ કોઈ પણ બેન્ક એકાઉન્ટ સાથે લિંક ન હોવાથી સાયબર સિક્યુરિટી પણ જળવાઈ રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી જયેશભાઈ રાદડિયા, સહકાર સચિવ મોહમ્મદ શાહિદ, દિલીપભાઈ સંઘાણી, નરહરિભાઈ અમીન, અમૂલ ડેરીના ચેરમેન, સહકારી મંડળીના રજીસ્ટ્રાર એન.બી. ઉપાધ્યાય, જેઠાભાઈ આહિર, જ્યોતીન્દ્રભાઈ દવે, વિવિધ ડેરીના ચેરમેન, અને સભ્યો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



# વાઘરોટામાં સન્માન સમારંભ યોજાયો

હિંમતનગર, તા. ૨૮

પ્રાંતિજ તાલુકાના મુળ વાઘરોટા ગામના વતની અને હાલ હિંમતનગર રહેતા બે સરકારી કર્મચારીઓની બઢતી સાથે બદલી થતા તાજેતરમાં ગ્રામજનો દ્વારા તેમના સન્માનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ઉપરાંત જિલ્લા ડિઝાસ્ટર વિભાગ દ્વારા પણ અવરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર જિલ્લા સેવા સદનમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા દેવેશભાઈ પટેલ અને તાલુકા પંચાયતમાં ફરજ બજાવતા અરવિંદભાઈ પટેલને તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી તરીકે બઢતી આપી બદલી કરાતા બંને જણાનું ગ્રામજનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત જિલ્લા ડિઝાસ્ટર વિભાગ દ્વારા વાઘરોટાના ઉમિયાનગરમાં આવેલ પ્રાથમિક શાળા ખાતે શુક્રવારે ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગે જાગૃતી લાવવાના આશયથી ગામના સરપંચ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામના અનેક લોકોએ હાજર રહી લાભ લીધો હતો.



**નારણપુર-નારસોલી પ્રાથમીક શાળામાં વિદ્યાર્થીઓને સ્કુલ કિટનું વિતરણ**

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના નારણપુર-નારસોલી ગામની નારણપુર-નારસોલી પ્રાથમીક શાળામાં શ્રી એકલિંગજી ટ્રસ્ટ,નારસોલી અને સ્વજન પરીવાર ટ્રસ્ટ, મુંબઈ, સેવાભાવી દાતાઓ ધ્વારા વિદ્યાર્થીઓને નોટબુક, પેન્સિલ, બોલપેન, કંપાસ, સંચો, રબ્બર, કલર બોક્સ અને સ્કુલ કિટનું વિતરણ કરાતાં વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. શ્રી એકલિંગજી ટ્રસ્ટ, નારસોલીના સેવાભાવી ટ્રસ્ટીઓ,સામાજીક આગેવાનો, નારણપુર-નારસોલી પ્રાથમીક શાળા આચાર્ય, સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. નારણપુર-નારસોલી પ્રાથમીક શાળાના વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

## ગરમાવો વધ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નારાજગી દૂર થાય તે દિશામાં તેમના વણ ઉકલ્યા કેટલાક પ્રશ્નો પણ ઉકેલ્યા હતા અને કેટલાકને આગામી દિવસોમાં ઉકેલવાની ખાત્રી આપી હોવાનું જાણવા મળેલ છે. કોબા પ્રા. શાળાના એક શિક્ષકની વિદ્યાર્થીને માર મારવાની ફરિયાદ અંગે રજુ થયેલા પ્રશ્ન પછી તાબડતોબ હરકતમાં આવેલ તંત્રએ શિક્ષકની બદલીના હુકમ જારી કર્યાની વાત પણ બહાર આવી છે.

આ સંતુષ્ટ જૂથની આજે મળેલ બેઠકમાં વિપક્ષને રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી વધુ કામો ફાળવવાનો રોષ સભ્યોએ વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત પ્રમુખ તેમની મનમાની ચલાવતા હોવાની વાતો પણ સભ્યોએ કરી હતી.

ગાંધીનગર જિલ્લા પંચાયત ઉપરાંત સંગઠ્ઠન દ્વારા પણ સભ્યોની લાગણીની અવગણના કરવામાં આવતી હોવાની ફરિયાદો પણ રજુ કરાઈ હતી. સભ્યો કાલે સભાના આરંભ પહેલાં તેમની રણનીતિ આખરી કરશે તેમ માનવામાં આવી રહ્યું છે. જોકે કોંગ્રેસના નેતાઓ સામાન્યસભા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ જાય તે માટે સક્રિય થયા છે પરંતુ કોંગ્રેસ સામે કોંગ્રેસ જ બાંયો ચડાવશે તેને લઈ રાજકીય ઉત્તેજનાઓ વધી જવા પામી છે.

જિલ્લા પંચાયત પ્રમુખપદ માટે અગાઉ પણ સભ્યોની બેઠક મળી હતી જે ઉલ્લેખનીય છે.

## ભવ્ય રથયાત્રા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નગરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રી , રથયાત્રા સમિતિના દિનેશ કાપડીયા તેમજ અરૂણ બુચે આ અંગે વિગતો આપતા જણાવ્યુ હતુ કે રથયાત્રામાં એક હાથી , ઘોડાવાળી બગી, બેન્ડવાજા,૧૨ ઉંટલારી,૫૦ જેટલા નાના મોટા વાહનો જોડાશે. જયારે આસપાસના ગામોમાંથી પણ વાહનો સાથે ભાવિકો રથયાત્રામાં જોડાશે. રથયાત્રામાં અંદાજિત ૭૫ જેટલા વાહનો તેમજ ૧૫ ટેબલો પણ સામેલ હશે. અંદાજિત ૧.૫ કી મી લાંબી રથયાત્રા નગરના ૩૧ કી મીના રૂટમાં ફરશે. આ દરમિયાન શહેરમાં શાંતિ અને શિસ્તનુ વાતાવરણ જળવાઈ રહે તે માટે પણ સમિતિ દ્વારા નગરજનોને અપીલ કરવામાં આવી છે. રથયાત્રા તેના પરંપરાગત નિયત રૂટમાં આગળ વધશે. રથયાત્રામાં વિવિધ સ્વાગમાં સજ્જ બાળકો , ઘોડેસવાર યુવાનો પણ આકર્ષણનુ કેન્દ્ર બનશે.

આ દરમિયાન સેકટરોમાં ભાવિકોને રથયાત્રાનુ ભવ્ય સ્વાગત કરવા માટે પણ જણાંવાયુ છે. જયારે બપોરે વિસામાના સમયે ભગવાનના મોસાળ સે-૨૯ સ્થિત જલારામ ધામ ખાતે ૭ હજાર જેટલા ભાવિકોને મોહનથાળ તેમજ ખીચડીના પ્રસાદનુ વિતરણ પણ કરાશે. રથયાત્રા દરમિયાન પ્રસંગને અનુરૂપ જ ભજન કીર્તન કરવા તેમજ ધાર્મિક સુત્રોચ્ચાર કરવા માટે પણ જણાવાયુ છે. રાજકીય પક્ષો પોતાનો પ્રચાર કરી શકશે નહીં. રથયાત્રા દરમિયાન ભાવિકો માટે નગરના વસાહત મંડળો,મહીલા મંડળો,વેપારીઓ, શાકભાજીના વેપારીઓ, ધાર્મિક સંસ્થાઓ અને સામાજિક સંગઠનો દ્વારા પ્રતિવર્ષની જેમ સહકાર પુરો પાડવામાં આવશે તેવી અપીલ પણ સમિતિ દ્વારા કરવામાં આવી છે. રથયાત્રાના રૂટમાં અંદાજિત જાંબુ અને મગના ૨ હજાર કીલો પ્રસાદનુ પણ વિતરણ કરાશે. પંચદેવ યુવક મંડળના યુવાનો ૩૧ કી મીના રૂટમાં ભગવાનનો રથ ખેંચશે. રથયાત્રા શહેરમાં નિયત રૂટમાં પરિભ્રમણ કરીને સાંજે ૭ :૩૦ કલાકે નિજ મંદિર પરત ફરશે.

## મંત્રણા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટ્રમ્પે ટ્વિટ કરીને કહ્યુ હતુ કે તેઓ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ ભારત તરફથી છેલ્લા કેટલાક વર્ષોથી ખુબ વધારે ટેરિફ લાગુ કરવાના મુદ્દા પર વાતચીત કરનાર છે. હાલમાં આને વધુ વધારી દેવાના મુદ્દા પર વાતચીત કરવાની ઈચ્છા ટ્રમ્પે વ્યક્ત કરી હતી. ટ્રમ્પે કહ્યુ હતુ કે આ ટેરિફ સ્વીકાર્ય નથી. આને પરત લેવામાં આવે તે જરૂરી છે. ચીન સાથે અમેરિકાના ટ્રેડ વોરની સ્થિતી વચ્ચે ભારત લાભ લઈ શકે છે. ટ્રમ્પના નિવેદન બાદ ભારત અને અમેરિકા વચ્ચે ખેંચતાણ વધી રહી હોવાના સંકેત મળી રહ્યા હતા. મોદી અને ટ્રમ્પ વચ્ચે વાતચીત બાદ તરત જ ટ્રમ્પ અને મોદી જાપાનના વડાપ્રધાન શિન્જો આબેને મળ્યા હતા. આ ત્રિપક્ષીય બેઠક યોજાઇ હતી. મોદી અને ટ્રમ્પ વચ્ચે બેઠક ઉપયોગી બની ગઈ હતી. કારણ કે પોતાની અમેરિકા ફર્સ્ટની નીતિ હેઠળ ટ્રમ્પ અમેરિકી પેદાશો પર ભારતની વધારી ડ્યુટીને લઈને વિરોધ કરી રહ્યા છે. ગુરૂવારના દિવસે પણ પોતાની નારાજગી વ્યક્ત કરી હતી.અત્રે નોંધનીય છે કે જાપાન પહોંચી ગયા બાદ ગઈકાલે મોદીએ ભારતીય સમુદાયના લોકોને સંબોધન કર્યું હતું અને કહ્યું હતું કે, આજે દુનિયા ભારતને શક્યતાઓના ગેટવે તરીકે જુએ છે. પોતાની સરકાર ફરી પ્રચંડ બહુમતિ સાથે આવ્યા બાદ આને વાસ્તવિકતાની જીત ગણાવીને કહ્યું હતું કે, ભારતના લોકોએ આ પ્રધાન સેવક ઉપર ફરી વિશ્વાસ વ્યક્ત કર્યો છે. મોદીએ તેમના સંબોધનમાં એમ પણ કહ્યુ હતુ કે ૧૯૭૧ બાદ દેશમાં પ્રથમ વખત એક સરકારને પ્રો-ઈન્કમબેંસી જનાદેશ આપ્યો છે. ૬૧ કરોડ લોકોએ ભીષણ ગરમીની વચ્ચે મતદાધિકારનો ઉપયોગ કર્યો હતો. મોદીએ પોતાની જીતમાં પ્રવાસી ભારતીયોના યોગદાન માટે આભાર માન્યો હતો. તેમણે કહ્યું હતું કે, કેટલાક લોકોએ પોતાના ગામના લોકોને પત્રો મોકલ્યા હતા. ઈમેઈલ મોકલ્યા હતા.

મોદી અને ટ્રમ્પ વચ્ચે વાતચીતનો તખ્તો પહેલાથી જ તૈયાર કરી લેવામાં આવ્યો હતો.. જાપાન-અમેરિકા-ભારતની આ બીજી બેઠક યોજાઈ હતી.આ બેઠક પહેલા ઓસાકામાં વાતચીતને લઈને તમામની નજર કેન્દ્રિત થઇ ગઇ હતી.આ લીડરો છેલ્લે જી-૨૦ શિખર બેઠકના ભાગરુપે બ્યુનોસએરમાં મળ્યા હતા. મોદીએ જુદા જુદા મુદ્દા પર ચર્ચા થઇ હતી.

## વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પર અસર થઈ હતી. હવામાન વિભાગના કહેવા મુજબ મુંબઈ અને આસપાસના વિસ્તારો તેમજ મહરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. ભારે વરસાદના કારણે લોકલ ટ્રેન સેવા પણ ખોરવાઈ ગઈ છે. વિમાની સેવાને પણ અસર થઈ છે. હવામાન વિભાગે મુંબઈ અને આસપાસના વિસ્તારો માટે ભારે વરસાદને લઈને એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. બીજી બાજુ બીએમસી દ્વારા કોઈ પણ ઘટનાથી બચવા માટે લોકોને મેનહોલ ન ખોલવા માટે સુચના આપી છે. મુંબઈની લાઈફલાઈન સમાન ગણાતી લોકલ ટ્રેન સેવાને કોઈ વધારે અસર થઈ નથી. જો કે કેટલાક સ્થળો પર યાત્રીઓ અટવાઈ ગયા હતા. મુંબઈ મેટ્રોની સેવા યથાવત રીતે જારી રહી હતી. સેન્ટ્રલ લાઈન પર ટ્રેનો ૩૦ મિનિટ મોડેથી દોડી રહી છે. વેસ્ટર્ન રેલવે દ્વારા ટ્વિટ કરીને કહેવામાં આવ્યુ છે કે મુંબઈમાં મોનસુનની એન્ટ્રી થઈ ગઈ છે. વેસ્ટર્ન રેલવેના ઉપનગરીય વિસ્તારોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. લોકલ ટ્રેનો સામાન્ય રીતે ચાલી રહી છે. લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા લોકોને વરસાદના કારણે મોટી રાહત થઈ છે. પાણી ભરાઈ જવાના કારણે તકલીફ પણ આવી રહી છે. અંધેરી અને સાયનમાં ભારે વરસાદ થયો છે.